## શું કાયદો, કોર્ટ અને એન્કાઉન્ટર બળાત્કાર રોકી શકશે?

હમણાં હમણાં બળાત્કારની ઘટનાઓ વધુ પ્રમાણમાં સંભાળવા મળે છે. હકીકતમાં બળાત્કારની ઘટનાઓ પહેલા પણ બનતી હતી, પરંતુ કેટલાક કારણોસર બહાર આવતી નહોતી. આજે સ્ત્રીઓની અને સમાજની જાગૃતતાને કારણે બહાર આવવા લાગી છે. ૨૦૧૨ માં દિલ્હીમાં બસમાં બળાત્કારની ઘટના બાદ સરકાર અને સમાજ વધુ જાગૃત બન્યા. આમછતાં બળાત્કારના આંકડાઓ વાચકોને ધ્રુજાવી દે તેવાં છે. સરકારે બળાત્કારીને ફાંસીની સજા કરી તે પૂર્વેની નજીકના વર્ષની જ વાત કરીએ તો. વર્ષ ૨૦૧૧માં દેશમાં સૌથી વધુ બળાત્કારની ઘટના પ.બંગાળમાં ૧૧૦૦૦, ઉ.પ્ર.માં ૮૮૪૪, આસામમાં ૮૦૬૦ અને મહારાષ્ટ્રમાં ૭૭૦૩ હતી. તો સૌથી ઓછી ઘટનાઓમાં સિક્કીમમાં ૧૬, નાગાલેન્ડમાં ૨૩ અને ગોવામાં ૨૯. (જ્યાં કુલ વસ્તી ઓછી હતી માટે?). ડીસેમ્બરમાં દિલ્હીમાં દામિની પર ઘટેલ બલાત્કારની ઘટનાથી દેશ જાણે કે જાગૃત થઇ ગયો. માટે તો આપણી કેન્દ્ર સરકારે બળાત્કારની ઘટનાના અપરાધીને શું સજા કરવી જોઈએ અને આવી ઘટનાઓ રોકવા માટેના ઉપાયો માટે જસ્ટિસ સ્વ.વર્મા સાહેબની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરેલી. આ કમિટીએ અપરાધીને ફાંસી આપવા અંગે કહેલું કે, જો પીડિતાનું મોત થાય કે તેના શરીરના કોઈ અંગ પર અસર થાય કે જે અંગ સારું થઇ શકે નહિ તો તે અપરાધીને ફાંસી આપવી. અન્યથા નહિ. પરંતુ ત્યારબાદ બાળકી શિવાની પર બનેલી ઘટનાથી દેશ ધ્રુજી ગયો. અંતે સંસદે બળાત્કારીને ફાંસીની સજા આપવાનો કાયદો ઘડ્યો. હવે આપણે એક પ્રશ્ન પૂછીએ કે, આ કાયદા પછી બળાત્કારમાં કોઈ ફેર પડ્યો ? સરકારી આંકડા મુજબ વાત કરીએ તો ભારતમાં ૧૯૧૭માં ૩૩૬૫૮ ઘટનાઓ બળાત્કારની બની હતી અને દરરોજ સરેરાસ ૯૨ બળાત્કાર ભારતમાં થાય છે! સ્ત્રીઓ માટે સુરક્ષિત ગણાતા ગુજરાતની જ વાત કરીએ તો, નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના આંકડા મુજબ ૨૦૧૫માં ૫૦૩ તો ૨૦૧૬ માં કુલ ૯૮૬ બળાત્કારની ઘટનાઓ બની હતી. ૨૦૧૬માં બનેલી ૯૮૬ ઘટનાઓ પૈકી ૫૨૭ બલાત્કાર તો ૧૮ વર્ષથી ઓછી ઉમરની બાળકીઓ પર થયેલા છે. નરાધમોએ કરેલા બળાત્કારમાં ૬ વર્ષથી નીચેની ઉમરની બાળકીની સંખ્યા ૧૦ છે, ૬થી ૧૨ વર્ષની ઉમરના ૨૩ કેસ છે. તો ૬૦ વર્ષથી વધુ ઉમરમાં ૦૨ છે. સૌથી વધારે ૧૬ થી ૧૮ વર્ષની બાળકી પર થયેલ બળાત્કારની ઘટના ૩૧૯ છે. તો વળી, ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સરકારે જણાવેલ કે, ૧ ઓક્ટોબર ૨૦૧૩ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ દરમિયાન આ પાંચ વર્ષના સમયગાળામાં કુલ ૯૭ સામૂહિક બલાત્કાર (ગેંગ રેપ) થયેલા. જેમાં સૌથી વધારે અમદાવાદ શહેરમાં ૧૫, બીજા નંબરે સુરતમાં ૦૯ અને ત્રીજા નંબરે પંચમહાલમાં ૦૭ ઘટનાઓ બનેલી. જેમાં ૪૦૮ વ્યક્તિઓની ધરપકડ થયેલી. કેટલાક લોકો હાઈકોર્ટમાં ગયેલા તો તેમની ધરપકડ સામે સ્ટે પણ મળેલા. તો કેટલાક લોકોની ધરપકડ થઇ શકી નહોતી. દિલ્હીમાં ૨૦૧૩માં એપ્રિલના પ્રથમ સપ્તાહમાં, હા પ્રથમ સપ્તાહમાં. સંબંધીઓ દ્વારા થયેલ બળાત્કારના કેટલાક આંકડા. પિતા દ્વારા-૧૦, સાવકા ભાઈ દ્વારા-૦૨, પતિ દ્વારા-૦૯, પિતરાઈ ભાઈ દ્વારા-૦૫, સસરા દ્વારા-૦૨, પડોશી દ્વારા-૧૧૫, મિત્ર દ્વારા-૧૨, પ્રેમી દ્વારા-૧૧૮, મકાન માલિક દ્વારા-૦૮ અને ડોક્ટર દ્વારા-૦૨.

ઉપરના આંકડા સાબિત કરે છે કે, ફાંસીનો કાયદો બળાત્કાર અટકાવવામાં અસરકારક લાગતો નથી. એનો અર્થ એ નથી કે, એ કાયદો દૂર કરવો જોઈએ. પણ પ્રશ્ન એ થાય છે કે, ફાંસીનો કાયદો બનાવવાથી કે અપરાધીને ફાંસી આપવાથી કે અપરાધીનું એન્કાઉન્ટર કરવાથી બળાત્કારની ઘટનાઓ અટકશે? આપણા દેશમાં ખૂન માટે ફાંસીની સજા છે, આતંકવાદ સામે એન્કાઉન્ટર થાય છે. તો શું એ ગૂના બંધ થયા? એનો અર્થ એ નથી કે, અપરાધીને ફાંસીની સજા ના થવી જોઈએ. પણ અર્થ એ કરીશું કે, માત્ર ફાંસી કે એન્કાઉન્ટર કરવાથી બળાત્કારની ઘટનાઓ રોકી શકાશે નહિ. આ માટે વિવિધ પ્રકારના સહિયારા પ્રયત્નો કરવા પડશે.

હૈદરાબાદમાં બનેલી ઘટના પછી પોલીસે કરેલ એન્કાઉન્ટ પહેલા અને પછી પણ પ્રજામત એવો છે કે, અપરાધીને જાહેરમાં ફાંસી કે ગોળી મારો કે મરચું મૂકીને ફટકારો. જેને ટીવી પર વારંવાર બતાવો. બળાત્કાર થાય તો ફાસ્ટ ટ્રેક કોર્ટની પણ જરૂર નથી. પોલીસ પાસે પુરતા પુરાવા હોય તો તેની સજા પણ તાત્કાલિક હોવી જોઈએ. આપણા ન્યાયતંત્રની કરુણતા તો જુઓ કે, બળાત્કારની બનેલી અનેક ઘટના  પછી કેટલાને ફાંસી અપાઈ. અરે છેલ્લા સાત વર્ષમાં બળાત્કારની બનેલી ઘટનામાં કોર્ટે કેટલા કેસમાં સજા તો નહિ પણ ચૂકાદો આપ્યો? તમામ પુરાવા અને ફાસ્ટ ટ્રેક કોર્ટ હોવા છતાં અપરાધીઓને સજા થઇ નથી! પરિણામે આજે લોકો જાણે છે અને માને છે કે બળાત્કાર માટે કાયદો છે, પણ ન્યાય નથી. કોર્ટ દ્વારા ન્યાય આપવામાં થતું મોડું એ પણ અન્યાય જ ગણવામાં આવે છે. આજે ટૂંકી વાર્તા કે ટેલીફિલ્મ પસંદ કરતો માણસ દરેક બાબત માટે ઓછા સમયમાં પરિણામ મેળવવા ઈચ્છે છે. ત્યારે ન્યાય માટે લાંબો સમય ધીરજ રાખવી તેના માટે અશક્ય છે. માટે તો હૈદ્રાબાદમાં પોલીસે કરેલ એન્કાઉન્ટરને લોકોએ વધાવી લીધું. આપણે સૌ માનીએ છીએ કે કોઈએ કાયદો હાથમાં નાં લેવો જોઈએ. છતાં બળાત્કારીને જાહેરમાં મારવાની વાત કેમ કરવામાં આવે છે ? જાહેરમાં ફાંસી એટલા માટે કે, તે પ્રત્યક્ષ જોનાર કોઈપણ વ્યક્તિના મન પર એવી તો અસર કરશે કે જોનાર કે ચર્ચા સંભાળનાર વ્યક્તિ આવી ઘટના કરવાનું વિચારશે પણ નહિ. જેલમાં ખાનગી રીતે અપાતી ફાંસીની અસર સામાન્ય માણસોના મન પર ભય ઉભો કરતી નથી.  જે કામ કાયદો કે કોર્ટ કરી શકતા નથી તે કામ જાહેરમાં થતી શિક્ષા કરી શકશે. એમ સૌ લોકો માને છે.

આમ જોવા જઈએ તો દરેક અપરાધ માટે બે બાબતો મહત્વની છે. એક તો અપરાધ રોકવો અને અપરાધીને શિક્ષા કરવી. જેમાં પ્રથમ બાબત વધારે મહત્વની છે. અપરાધીને સજા માટેના થતાં પ્રયત્નો કરતાં અપરાધ નાં થાય તે માટે વધુ પ્રયત્નો કરવાની જરૂર છે. બળાત્કારની ઘટનાને રોકવા માટે સમાજ અને સરકારે સાથે મળીને કામ કરવું પડશે.  કાયદો કે કોર્ટ કે પોલીસ આવી ઘટનાને રોકી ના શકે, પણ રોકવા માટે સહયોગી ચોક્કસ પણે બની શકે. સમાજે પણ પોતાની ભૂમિકા ભજવી પડશે. આ માટે દરેક વાલીએ પોતાના બાળકોમાં ચોક્કસ સંસ્કારોનું સિંચન કરવું પડશે અને શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓમાં ચોક્કસ પ્રકારના મૂલ્યોનું વાવેતર કરવું પડશે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. તેમને પણ સમાજમાં જાગૃતિ લાવવા અને આવા અપરાધોને અટકાવવા માટે પ્રયત્નો કરવા પડશે. સમાજમાં વસતા દરેક વ્યક્તિની માનસિકતા બદલવી પડશે. સમાજમાં નગરપાલિકા, મહિલા મંડળો, ગામના સરપંચો, વિવિધ સામાજિક કે

ખાનગી મંડળો, ક્લબો વગેરેએ પ્રયત્નો કરવા જોઈએ. આવા ગૂના અટકાવવા એ કોઈ એક ડિપાર્ટમેન્ટનું કામ નથી, પણ બધા ડિપાર્ટમેન્ટે સાંકળ બનાવવી પડશે.

આવી ઘટનાઓ બનવા પાછળનું મુખ્ય કારણ ગૂનો કરનાર વ્યક્તિમાં સંસ્કાર કે મૂલ્યો તો નથી જ. પણ સાથે તેને કાયદાનો ડર પણ નથી. આવી ઘટનાના ગૂનેગારને પૂછવામાં આવેલું કે, આવા ગૂના માટે શું સજા છે તેનો તને ખ્યાલ છે ? ત્યારે મોટાભાગના અપરાધીઓએ જવાબમાં 'ના' જણાવેલું. આમ જે માણસ કાયદો જ જાણતો નાં હોય તેને કાયદાનો ડર ક્યાંથી હોય? આમ માત્ર કાયદાથી બળાત્કાર રોકાશે નહિ. કાયદા બળાત્કાર રોકવામાં મદદરૂપ બની શકે. પણ અટકાવી નહિ શકે. તે માટે વ્યક્તિની માનસિકતા બદલવાની જરૂર છે. જેમાં શિક્ષણ, ધર્મ, સામાજિક સંસ્થાઓ, કુટુંબ દ્વારા વ્યક્તિમાં નાનપણથી જ સંસ્કાર, મૂલ્યો, જવ્બ્દરીની ભાવના, નૈતિકતા વગેરેનું સિંચન કરવું પડશે.

બળાત્કાર કેમ કરવામાં આવે છે ? મેસ્લો નામના મનોવિજ્ઞાનીએ જણાવ્યું છે કે, કોઈપણ વ્યક્તિ સૌ પ્રથમ પોતાની શારીરિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટેનો પ્રયત્ન કરે છે. જેમા ભૂખ, તરસ, સેક્સ વગેરેનો સમાવેશ થાય છે. વ્યક્તિ પોતાની શારીરિક જરૂરિયાતો પૂર્ણ કરવા સૌ પ્રથમ પ્રયત્નો કરશે. જ્યાં સુધી પોતાની શારીરિક જરુરિયાતો સંતોષાય નહિ ત્યાં સુધી તે અન્ય જરૂરિયાતો કે અન્ય બાબતોનો વિચાર કરતો નથી. તેના માટે પ્રતિષ્ઠા, ભય, સુરક્ષા આ કરતા પણ શારીરિક જરૂરિયાત જ મહત્વની હોય છે. માટે જ બળાત્કારી જાણતો હોય છે કે, તે જે કરે છે તે ખોટું છે, તે માટે તેની પ્રતિષ્ઠા જશે, તેને શિક્ષા થશે. આમ છતાં તે કરે જ છે. આવી ઘટનાનો વિચાર આવવો અને વિચારને પૂરો કરવો તે નબળી માનસિકતા છે. આ નબળી માનસિકતા બદલાય તો બળાત્કારની ઘટનામાં ઘટાડો થાય. મેસ્લોએ જણાવેલ શ્રેણીમાં શારીરિક જરૂરિયાત ટોચના ક્રમે છે, તેની સાથે વ્યક્તિ પોતાની પ્રતિષ્ઠા અને સુરક્ષાની જરૂરીયાતને જોડે તો ઘણી સમસ્યા ઉભી જ નહિ થાય. આ માટે વ્યક્તિને માનસિક રીતે સશક્ત કરવો પડે. તે પોતાના મન પર કાબૂ રાખી શકે તેવું તેનું ઘડતર થવું જોઈએ. આ માટે શિક્ષણ, મૂલ્યો, આધ્યાત્મિકતા વગેરેનો સહારો લઇ શકાય. હા, કાયદાનો ડર પણ કેટલાક અંશે માનસિકતા પર કાબૂ રાખવામાં સફળ થઇ શકે. પણ બળાત્કાર જેવા કૃત્યો થાય, પછી વ્યક્તિને સજા આપવી. તેના કરતા સરકાર અને સમાજે એવા પ્રયનો કરવા જોઈએ કે જેથી આવી ઘટનાઓ બને જ નહિ. જેમાં સૌ પ્રથમ કુટુંબ અને ત્યારબાદ શાળા, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓએ પણ ફાળો આપવો જોઈએ. આવી ઘટનાઓ ના બને તે માટેની જાગૃતિ લાવવાનું કામ માત્ર સરકારનું નથી. ઉપરોક્ત જણાવેલ સંસ્થોએ પણ પ્રયત્ન કરવા જોઈએ. આવી ઘટનાને અટકાવવા નામદાર સર્વોચ્ચ અદાલતે કાર, બસ જેવા વાહનોમાં કાચ પર લગાવાતી ડાર્ક ફિલ્મ સ્ટ્રીપ પર પ્રતિબંધ મૂક્યો. તો પણ આજે બળાત્કારની ઘટનાઓ તો બને જ છે ને ? સાથે કારમાં આરપાર જોઈ શકાય તેવા કાચને કારણે કાર ચલાવતી બહેનોની છેડતીની ઘટનાઓ વધી ગઈ છે. આમ માત્ર કાયદાથી જ આવી ઘટનાને રોકી ના શકાય. તે માટે વ્યક્તિની માનસિકતા બદલવી પડે. માનવ બદલવા તેની માનસિકતા બદલવી પડશે. માનસિકતા બદલાશે તો બળાત્કારની ઘટનાની સંખ્યા પણ બદલાશે.